| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

## મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં,

**ક્રીમી. કેસ નં-૧૯૩૯૩/૨૩**

**આંક -**

**ફરીયાદી** - **નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** - પંકજ વનમાળી સાહોલીયા
રહે.

**ગુનો - ઇ.પી.કોડની ક.૧૮૮ મુજબ...**

**-ઃ ચુકાદો ઃ-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો ઇ.પી.કોડની ક.૧૮૮ મુજબનો ગુનો કરેલ છે. જેની ફરીયાદ થતા તપાસના અંતે ત.ક.અ.એ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ.

આરોપીને કામગીરી કાઢતા, આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા, તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરેલ છે. જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને ગુનો અને સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી.

ઇ.પી.કોડની ક.૧૮૮ માટે થયેલ સુધારા મુજબ હવે ખાનગી ફરીયાદની જરૂર રહેતી નથી અને તેને ક્રીમી. પ્રોસી. કોડની ક.૧૯૫નો બાધ નડતો નથી. ઇ.પી.કોડની ક.૧૮૮ના ગુનામાં એક મહીનાની સાદી કેદની સજા અથવા રૂ.૨૦૦/- દંડ અથવા બન્નની જોગવાઇ છે. સદર કાર્યથી માનવ જીંદગી, સ્વાસ્થય કે સુરક્ષાને ખતરો થયેલ હોય તો છ મહિના સુધીની સાદી કેદની સજા અથવા રૂ.૧૦૦૦/- સુધીનો દંડ અથવા બન્નેની જોગવાઇ છે.

આમ સદર કેસની હકિકત જોતા, આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ની કલમ–૨૫૨ મુજબ ઇ.પી.કોડની ક. ૧૮૮નો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ઉપરોકત ગુનો કરવા બદલ રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–1 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ૦૯/૦૩/૨૦૨૪
સ્થળઃ રાજકોટ.

સ્પે. સીટીંગ મેજી. /જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.,
ઇન્ચાર્જ ટ્રાફીક કોર્ટ, રાજકોટ.

**<u>રાજકોટના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(ટ્રાફીક) સાહેબની કોર્ટ, રાજકોટ</u>**

**ફોજદારી કેસ નંબર**

**આંક:–**

## <u>કબુલાત પુરસીસ</u>

શ્રી સરકાર ..................ફરીયાદી

વિરૂધ્ધ

________________________ ..................આરોપી

**<u>આરોપ:– આઈ.પી.સી. કલમ ૧૮૮ મુજબ.</u>**

અમો નીચે સહી કરનાર આરોપીની માનસર નમ્ર અરજ કે, અમો આ કામમાં સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરીએ છીએ.

આ અમારો પ્રથમ ગુન્હો છે. અમો બાળ બચ્ચાવાળા માણસ છીએ, અમારા ઉપર અમારા કુટુંબનો આધાર છે. અમારા સિવાય ઘરમાં બીજુ કોઈ કમાવાવાળુ નથી, અમારા ઉપર ઘરની સઘળી જવાબદારી છે. અમો ગરીબ માણસ હોય અમારા ઉપર રહેમ રાખવા નમ્ર અરજ, આવી તમામ હકિકત ધ્યાને લઈ અમારા ઉપર રહેમ કરવા વિનંતી સાથે અરજ ગુજારીએ છીએ. તો રહેમ રાખવા અમારી નમ્ર વિનંતી છે.

સ્થળ:– રાજકોટ

તારીખ:– ૦૯/૦૩/૨૦૨૪ ––––––––––––––––

આરોપીની સહી

Recorded

I.C. J.M.F.C.(Traffic)
Rajkot

**<u>રાજકોટના મ્હે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (ટ્રાફીક) સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ.</u>**

**<u>આરોપીની જુબાની</u>**

**ફોજદારી કેસ નંબર–**
**આંક–**

મારુ નામ –

મારા પિતા/ પતિનું નામ –

ઉમર વર્ષ –

ધંધો –

સરનામુ –

સવાલ–૧– તમોને આ કામમાં પોલીસ તપાસના કાગળોની નકલો મળેલ છે?
જવાબ–૧– હા.જી.

સવાલ–૨– તમોને આંક–૧ ના ચાર્જશીટ મુજબનો ગુનો વાંચી સંભળાવવામાં આવ્યો તે ગુનો તમોને કબુલ છે?
જવાબ–૨–મને ગુનો કબુલ છે.

...........................................

રાજકોટ
તા. ૦૯/૦૩/૨૦૨૪

મારા રુબરુ

ઇન્ચાર્જ જયુ.મેજી.ફ.ક. (ટ્રાફીક) કોર્ટ
રાજકોટ